# પૂરક નોંધ

- **વિશ્વમાં મીઠાના ઉત્પાદનમાં ચીન અને અમેરીકા પછી ભારત ત્રીજુ સ્થાન ધરાવે છે.** સમગ્ર દેશમાં મીઠાના ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે. **સમગ્ર દેશના કુલ ઉત્પાદન પૈકી ૮૧ ટકા મીઠાનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે.** અગરિયાઓ બ્રાઈનથી મીઠું બનાવવા માટે પરંપરાગત સ્વદેશી કુશળતા ધરાવતા મીઠું ઉત્પાદક સમુદાય છે. સરકાર અગરિયાઓને મીઠા ઉત્પાદન માટે જમીન લીઝથી આપે છે. મીઠું ખાસ કરીને દરીયાઈ પાણીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.

- ભુગર્ભમાંથી બ્રાઈન બહાર કાઢવા માટે (જ્યાં પાણીનું સ્તર ૩૦ મીટર સુધી છે ત્યાં) તથા દરિયા–કિનારે દરિયાના પાણીનો ઉપયોગ કરી મીઠાનું ઉપાદન કરવા જ્યાં ક્રીક દ્વારા પાણી ખેંચવામાં આવે છે. ત્યાં **અગરિયાઓ અગાઉ ડીઝલ પંપના ઉપયોગ કરતાં હતાં. પરંતુ, અદ્યતન ટેક્નોલોજી દ્વારા સોલારપંપની મદદથી સૌર ઉર્જાના ઉપયોગથી પણ પાણી ખેંચી શકાય છે. આ રીતે સોલ્ટ વર્કસને સંપૂર્ણ રીતે સૌર ઉર્જા આધારીત બનાવી શકાય છે. આમ, સોલારપંપ સીસ્ટમ યોજના અમલમાં લાવી મીઠાના ઉત્પાદન માટે ડીઝલ પંપનો ઉપયોગ ઘટાડવા માટે આ યોજના સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ.**

- ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: નમક – ૧૦૨૦૧૪ – પ૨૬પ૧પ– ચ, તા.૨૪.૧૦.૨૦૧૭ થી રાજ્યના અગરીયાઓને મીઠાના ઉત્પાદન માટે સોલારપંપ સિસ્ટમ ફાળવવા અંગેની યોજના જાહેર કરવામાં આવી. જે ૨૩/૧૦/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે.
- **રાજ્યમાં આવેલા અને શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા કક્ષા–૧ નું ઓળખપત્ર મળેલ હોય તેવા અગરિયાઓને પ્રસ્તુત યોજનામાં લાભાર્થી તરીકે સામેલ કરવામાં આવેલ છે.**
- **પ્રસ્તુત યોજનામાં લાભાર્થી અગરીયાને ખરીદેલ સોલાર પંપ સિસ્ટમની ૮૦ ટકા કેપીટલ સબસીડી સહાય આવવાની જોગવાઈ છે.**
- **સોલાર પંપની ૨ hp, ૩ hp, ૫ hp ની સિસ્ટમના અનુક્રમે મહત્તમ કિંમત રૂ. ૨ લાખ, રૂ. ૨.૫૧ લાખ, રૂ. ૩.૫૧ લાખ નિયત કરવામાં આવેલ છે.**

## ❖ સોલાર પંપ સ્થાપિત થવાથી અગરિયાઓને નીચે મુજબના પ્રત્યક્ષ લાભો થાય છે.

- એક અગરિયા કુટુંબને એક સોલારપંપ સીસ્ટમથી ડિઝલના ખર્ચમાં આશરે રૂ. ૧.૫ થી ૨ લાખ જેટલી બચત થાય છે.
- સોલારપંપ સીસ્ટમ વસાવવાથી અગરિયાઓને શારિરીક શ્રમમાં ઘટાડો થયેલ છે.
- સોલારપંપ સીસ્ટમ વસાવવાથી ડીઝલથી થતાં પ્રદુષણમાં ઘટાડો જોવા મળેલ છે.

## ❖ સોલાર પંપ સીસ્ટમ યોજના માટે ચુકવાયેલ સહાય વિગત

| અ.નં. | જિલ્લાનુ નામ | સોલારપંપ યોજના શરૂ થયેથી વર્ષ ૨૦૧૮–૧૯ થી ૨૦૨૩–૨૪ સુધી ચુકવાયેલ સહાય રૂપિયામાં | સોલારપંપ યોજના હેઠળ સહાય મેળવેલ કુલ અગરિયા કુટુંબની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૬,૭૪,૦૨,૨૦૦ | ૨૪૨ |
| ૨ | મોરબી | ૨૧,૭૭,૫૦,૧૫૭ | ૮૮૭ |
| ૩ | પાટણ | ૨૪,૧૩,૫૧,૬૯૭ | ૮૭૧ |
| ૪ | કચ્છ | ૧૭,૫૪,૩૪,૪૦૦ | ૮૫૧ |
| ૫ | પાલનપુર | ૪,૯૪,૨૦,૨૦૦ | ૨૧૪ |
| ૬ | સુરેન્દ્રનગર | ૨૭,૭૫,૫૭,૨૩૫ | ૧૪૮૩ |
| **કુલ રૂ.** | | **૧,૦૨,૮૯,૧૫,૮૮૯** | **૪૫૪૮** |

- આ સોલારપંપ સીસ્ટમ યોજના જાહેર થયાં તા.૨૪.૧૦.૨૦૧૭ થી પૂર્ણ થયા તારીખ સુધીમાં કુલ મળેલ અરજીઓ ૫૫૬૭ છે. **જેમાંથી કુલ ૪૫૪૮ કુટુંબોને કુલ રૂ. ૧,૦૨,૮૯,૧૫,૮૮૯ /– ની સહાય ચૂકવવામાં આવી.** અન્ય અરજીઓ સંલગ્ન જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે કાર્યવાહીમાં છે.

- **સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા અને દસાડા–પાટડી તાલુકા વિસ્તારમાં આવેલ અગરિયાઓની આ યોજના હેઠળ કુલ ૧૮૧૦ અરજીઓ મળેલ હતી જે પૈકી ૧૫૯૧ અરજીઓ મંજૂર થયેલ છે. ૧૪૮૩ અરજીઓ અન્વયે રૂ. ૨૭.૭૫ કરોડની સહાયનું ચૂકવણું થઇ ગયેલ છે. મંજૂર થયેલ ૧૦૮ અરજીઓના સહાય ચૂકવણા ચાલુ ત્રિમાસિક ગાળામાં કરવામાં આવશે. હાલમાં ૮૯ અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરેન્દ્રનગર કક્ષાએ કાર્યવાહી હેઠળ છે.**

-----